## નાયબ પોલીસ અધિક્ષક દ્વારા મોડાસા ધારાસભ્યનું અપમાન : કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર અપાયું

### આ અંગે ન્યાય ના મળે તો કોંગ્રેસ દ્વારા આંદોલનની ચીમકી

(સમીર બલોચ ધ્વારા) મોડાસા, તા.૧૦

ગુજરાત કોગ્રેસ દ્વારા આજ રોજ ખેડુતો ને ભાજપ સરકાર ધ્વારા કરવામાં આવી રહેલ અન્યાય અને ગુજરાત માં હાલ કાદો અને વ્યવસ્થા ની પરીસ્થીતી ભાંગી પડી છે ત્યારે આજરોજ ગુજરાત પ્રદેશ કોગ્રેસ ધ્વારા રાજય ના શહેરો ને બાદ કરતાં ગામડા બંધ નુ એલાન આપવામાં આવ્યુ હતુ.

આ એલાન દરમ્યાન આજે સવારે કોગ્રેસ દ્વારા મોડાસા ના બસ સ્ટેશન વીસ્તાર માં આ બંધના એલાન ને સફળ બનાવવા વેપારીઓ ને દુકાન બંધ કરવાની અપીલ કરવામાં આવી હતી ત્યારે મોડાસા માર્કેટયાર્ડ નજીક મોડાસા ના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અરવલ્લી જીલ્લા નાયબ પોલીસ અધિક્ષક વચ્ચે બંધ ના એલાન ને લઈ ને પોલીસ દ્વારા કોગ્રેસ કાર્યકરો ની અટકાયત કરવાના પગલે ચકમક ઝરી હતી ત્યારે નાયબ પોલીસ અધિક્ષક દ્વારા ધારાસભ્ય ને ગાડી માં બેસી જવા માટે કહેતા ધારાસભ્ય અને નાયબ પોલીસ અધિક્ષક વચ્ચે ચકમક જરી હતી જેને લઈ ને અરવલ્લી જિલ્લાના કોગ્રેસી કાર્યકરો રોષે ભરાયા હતા અને અને જીલ્લા પોલીસ વડા ની કચેરી ખાતે આવેલ ગુજરાત રાજય ના રેન્જ આઈ સમસેરસિંહ ને આ નાયબ પોલીસ અધિક્ષક દ્વારા કરવામાં આવેલ અપમાન ને લઈ ને બાયડ માલપુર ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા મોડાસા ના ધારાસભ્ય રાજેન્દ્ર સિંહ ઠાકોર બનાસકાઠા કોગ્રેસ ના પ્રભારી પ્રવિણ પટેલ જીલ્લા પંચાયત ના સદસ્ય અરૂણભાઈ પટેલ ગુજરાત રાજય લઘુમતી સેલના મંત્રી યુસુફભાઈ શેખ મોડાસા શહેર ના પ્રમુખ હુસેનખાનજી બાયડ શહેર ના પ્રમુખ દિનુભાઈ પટેલ તેમજ કોગ્રેસ કાર્યકરો ધ્વારા આવેદનપત્ર આપી વિરોધ કરવામાં આવ્ય હતો તેમજ જો આ બાબતે નાયબ પોલીસ અધિક્ષક સામે આ અંગે યોગ્ય કાર્યવાહી નહી કરવામાં આવેતો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી હતી.



## અરવલ્લી જિલ્લામાં ગામડા બંધના એલાનને મળેલો મિશ્ર પ્રતિસાદ

### મોડાસા બાયડ ધનસુરા અને ભીલોડાના કુલ ૧૦૦ જેટલા કાર્યકરોની અટકાયત

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા.૧૦

ગુજરાત કોગ્રેસ દ્વારા આજ રોજ ખેડુતો ને ભાજપ સરકાર ધ્વારા કરવામાં આવી રહેલ અન્યાય અને ગુજરાત માં હાલ કાદો અને વ્યવસ્થા ની પરીસ્થીતી ભાંગી પડી છે ત્યારે આજરોજ ગુજરાત પ્રદેશ કોગ્રેસ ધ્વારા રાજય ના શહેરો ને બાદ કરતાં ગામડા બંધ નુ એલાન આપવામાં આવ્યુ હતુ.

આ એલાન માં આજે વહેલી સવાર થી જ આજે સમગ્ર ગુજરાત રાજય માં કોગ્રેસ ના કાર્યકરો ધ્વારા આજે બંધના એલાનને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. ત્યારે આજે વહેલી સવાર થી જ અરવલ્લી જિલ્લા યુથ કોગ્રેસ ના કાર્યકરો ધ્વારા નેશનલ હાઈવે ને ચકકાજામ કરી દેવામાં આવ્યો હતો અને એક કલાક માટે નેશનલ હાઈવે બંધ થઈ જતાં પોલીસ અધિકારીઓ તાત્કાલીક ઘટના સ્થળે પહોચી જઈ ને કોગ્રેસ કાર્યકરો યુથ કોગ્રેસ ના જીલ્લા નાપ્રમુખ વનરાજ સિંહ રાઠોડ તેમજ ભીલોડા ના ધારાસભ્ય અનીલ જોષિયારા ની અટકાયત કરી હતી.

જયારે મોડાસા ખાતે આજે કોગ્રેસ ના ધારાસભ્ય રાજેન્દ્ર સિંહ ઠાકોર ની આગેવાની હેઠળ આજે કોગ્રેસી કાર્યકરો દ્વારા બસ સ્ટેશન વીસ્તાર માં વેપારીઓને આ બંધ ના એલાન માં સહકાર આપી દુકાન બંધ કરવા અપીલ કરાઈ હતી ત્યારે લોકો એ આ બાબતે પ્રતીસાદ આપી દુકાનો બંધ કરી હતી જયારે પોલીસ દ્વારા સર્વોદય હાઈસ્કુલ આગળ થી તમામ કોગ્રેસી કાર્યકરો ની અટકાયત કરી હતી.

જયારે ધનસુરા ખાતે ધનસુરા તાલુકા પ્રમુખ મનહરસિંહ સોલંકી, એન એલ પટેલ અરવલ્લી જિલ્લા મંત્રી પંકજભાઈ પટેલ તેમજ ભગાભાઈ પંડયા તાલુકા ના કોગ્રેસી કાર્યકરો ધ્વારા રોડ ને ચકકાજામ કરી દેવામાં આવ્યો હતો ત્યારબાદ પોલીસ ધ્વારા તમામ કોગ્રેસી કાર્યકરો ની અટકાયત કરવામાં આવી હતી.

જયારે બાયડ ખાતે બાયડ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા ની અને બાયડ તાલુકા કોગ્રેસ પ્રમુખ અદેસિંહ વકીલ તેમજ બાયડ શહેર પ્રમુખ દિનુભાઈ પટેલ મણીકાકા તેમજ તાલુકા ના કોગ્રેસી આગ્ગેવાનો ધ્વારા રોડ ને ચકકાજામ કરી આંદોલન ને સફળ બનાવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.










## ડીસામાં કોંગ્રેસના બંધનું એલાન નિષ્ફળ

ડીસા, તા. ૧૦

રાજયમાં ખેડૂતો પોષણક્ષમ ભાવ નહી મળતા, ખાતરી અછત અને કથળેલી સ્થિતિ તેમ ભાજય સરકારની પ્રજા વિરોધી નીતિઓને લોકો સુધી લઈ જવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ગુજરાત બંધ એલાન આપવામાં આવ્યું હતું પરંતુ બનાસકાંઠા જીલ્લામાં કોંગ્રેસના બંધના એલાનનો ફિયાસ્કો થઈ ગયો હતો. કેટલીક જગ્યાએ દુકાનો બંધ કરાવવા માટે કોંગ્રેસ અગ્રણી શો કેસ પુરવાર થયા હતા તો કયાંય પોલીસે તેમની તરત અટકાયત કરીહતી.

ડીસા શહેરમાં સવારે કોંગ્રેસ કાર્યકરો દુકાનો બંધ કરાવવા માટે રેલી સ્વરૂપે બગીચાથી ફુવારા સુધી આવ્યા હતા. જેમાં ધારાસભ્ય ગોવાભાઈ રબારી, શહેર કોંગ્રેસ પ્રમુખ દીપકભાઈ પટેલ સહિત કોંગ્રેસ કાર્યકરો જોડાયા હતા. જો કે ફુવારા સુધી આવતા જ પોલીસે તેમની અટકાયત કરીહતી. કોંગ્રેસના ગુજરાત બંધના એલાનને બનાસવાસીઓએ જાકારો આપ્યો હતો. કયાંક અગ્રણીઓની શરમ ખાતર દુકાનો બંધ થઈ હતી. પરંતુ અગ્રણીઓ આગળ જતા તરત જ ચાલુ થઈ ગઈ હતી.

કોંગ્રેસી કાર્યકરોમાં વડગામના ધારાસભ્ય મણીભાઈ વાઘેલા, વડગામ તા.પંચાયત પ્રમુખ અબ્દુલભાઈ પલાસરા, વડગામ તા.પં.કોંગ્રેસ પ્રમુખ અબીબભાઈ એવરા, ઉપપ્રમુખ ડોહજીભાઈ પટેલ, તા.પ. કોંગ્રેસસ સમિતિ ચેરમેન પ્રવિણસિંહ હડીયોલ, જીલ્લા પંચાયત સદસ્ય, બાળકૃષ્ણ જીરાલા, અજીતસિંહ હડીયોલ, રફીકભાઈ પઠાણ, (એન.એસ. યુ.આઈ.), પ્રમુખ કમલેશભાઈ ચૌધરી, પ્રવિણભાઈ રાવલ, પ્રવિણભાઈ પટેલ, જાકીરભાઈ પઠાણ, યુવા અગ્રણી ભરતસિંહ વિહોલ, અકબરખાન કુરેશી, ગુલાબસિંહ શેરા, રતુજી, રાજપુત, મનુભાઈ ચૌધરી, મેપડા સરપંચ, સરદારભાઈ પટેલ, યાસીનભાઈ ખોખર વગેરેની ધરપકડ કરાયા બાદ મુકત કરાયા હતા.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ભિલોડામાં વેપારીઓ દ્વારા સજ્જડ બંધ

ભિલોડા,તા.૧૦


અરવલ્લી જીલ્લાના ભિલોડામાં વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખી દુકાનો સજ્જડ બંધ રાખી હતી.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી ધ્વારા અપાયેલા બંધના એલનના પગલે ભિલોડામાં વેપારીઓએ ધંધા-રોજગાર સ્વયંભુ દુકાનો બંધ રાખી જડબેસલાક બજારો સજ્જડ બંધ રહ્યા હતા.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ વનરાજસિંહ રાઠોડ,જીલ્લા પંચાયત સદસ્ય શુભેન્દ્રસિંહ સિસોદીયા,ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા,ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવત સહિત કોંગ્રેસ અગ્રણી કાર્યકરો એ જણાવ્યું હતું કે સરકાર ઉત્સવોમાં વ્યસ્ત છે.ખેડુતો પાયમાલ બન્યા છે અને ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.અચ્છે દિનના વાયદા આપીને સત્તા મેળવનારો ભાજપ પક્ષ સત્તામાં આવ્યા બાદ પ્રજાજનોને ભુલી ગયો છે.ભિલોડામાં બજારો જડબેસલાક સજ્જડ બંધ રહેતાં ભિલોડાના હાર્દસમા સતત ધમધમતા માર્ગો ઉપર કરફયું જેવો માહોલ સર્જાયો હતો.ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતીના કાર્યકરો ધ્વારા માર્ગો ઉપર વાહનોના ચક્કાજામના કાર્યક્રમો પણ યોજાયા હતા.ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. આઈ. એચ. પી. ઝાલાએ ૧૫ કોંગ્રેસી કાર્યકરો અને હોદ્દેદારોની અટકાયત કરી હતી.

૧. ડૉ.અનિલભાઈ જોષીયારા, ભિલોડા ધારાસભ્ય ૨. શુભેન્દ્રસિંહ સિસોદીયા ૩. વનરાજસિંહ રાઠોડ ૪. બલભદ્રસિંહ ચંપાવત ૫. ઋષિકેશભાઈ ભાવસાર ૬. મુકેશભાઈ પટેલ ૭. ભરતભાઈ ત્રિવેદી સહિત કોંગ્રેસ કાર્યકરો,હોદ્દેદારોની અટકાયત પોલીસ ધ્વારા કરવામાં આવી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી ધ્વારા બંધના એલાનના પગલે ભિલોડામાં વેપારીઓએ ધંધા રોજગાર સ્વયંભુ સજ્જડ બંધ રાખ્યા હતા.ભિલોડામાં બજારો જડબેસલાક બંધ રહેતાં ગ્રામ્યવિસ્તારોમાંથી ખરીદી અર્થે આવતા પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુંકાયા હતા.ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતી ધ્વારા અપાયેલા બંધના એલાનના પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભિલોડા પી. એસ. આઈ. એચ. પી. ઝાલાએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં કોંગ્રેસનો બંધ એલાન કાર્યક્રમ નિષ્ફળ નિવડ્યો : કોંગ્રેસના કાર્યકરોમાં નિરાશા

બનાસકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં આજે કોંગ્રેસ દ્વારા બંધ એલાન આપવામાં આવેલ, જેમાં પાલનપુરમાં યોજાયેલ બંધ એલાન કાર્યક્રમમાં કોંગ્રેસના જ કાર્યકરોની ગેરહાજરીથી કાર્યક્રમ નિષ્ફળ ગયો હતો. બજાર દિવસભર ધમધમતુ જોવા મળ્યુ હતુ. જિલ્લાના ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવો ન મળતા હોઈ આજે જિલ્લા કોંગ્રેસ દ્વારા ગુરૂનાનક ચોક ખાતે કાર્યક્રમ યોજી બંધનુ એલાન આપવામાં આવ્યુ હતુ, પરંતુ યોજાયેલા કાર્યક્રમમાં કોંગ્રેસના કાર્યકરો જૂજ સંખ્યામાં હાજર રહેતાં કાર્યક્રમ નિષ્ફળ ગયો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહિત માત્ર ૮-૧૦ કાર્યકરો હાજર રહી આ કાર્યક્રમ યોજી બજાર બંધ કરી ચક્કાજામનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસ દોડી આવતા પોલીસે કોંગ્રેસના ધારાસભ્ય મહેશ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ સહિતના કાર્યકરોની પોલીસે અટકાયત કરી પોલીસમથકે લઈ જવામાં આવ્યા અને ત્યાં નજરકેદ રાખી મુક્ત કરી દેવામાં આવ્યા હોવાનું પોલીસના સૂત્રોએ જણાવ્યુ હતુ. આમ, આજે યોજાયેલા બંધના એલાનના કોંગ્રેસના કાર્યક્રમમાં કાર્યકરોની જૂજ હાજરીથી કાર્યક્રમ નિષ્ફળ ગયો હતો, જેના લીધે કોંગ્રેસના કાર્યકરોમાં નિરાશા જોવા મળી હતી.



ગુજરાત કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાતમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતા હોઈ શનિવારે બંધનું એલાન આપવામાં આવેલ હતુ. ખેડબ્રહ્મા શહેરના લક્ષ્મીપુરા ચાર રસ્તા પર ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ, સાગર પટેલ, જીજ્ઞેશ જોષી, પ્રવિણસિંહ સોલંકી સહિતના કાર્યકર્તાઓએ ખેડૂતોને પુરતા ભાવ ન મળતા હોઈ તેઓ આત્મહત્યા કરવા પ્રેરાઈ રહ્યા છે તે સંદર્ભે રસ્તા રોકી ટ્રાફીક જામ કરતા પોલીસ દ્વારા તેઓને અટકાયત કરી પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## મહેસાણામાં કોંગ્રેસ દ્વારા બંધને મિશ્ર પ્રતિસાદ

મહેસાણા, તા. ૧૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ખેડૂતોને કપાસના યોગ્ય પોષણક્ષમ ભાવ ન મળતા તેમજ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ બાબતે આજે રાજ્યમાં ગામડા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જે મુજબ આજે મહેસાણા જિલ્લામાં બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો.

મહેસાણા નજીક હાઈવે પર આજે કોંગ્રેસના કાર્યકરોએ હાઈવે પર પથ્થરોની આડશો મુકી ટાયરો સળગાવ્યા હતા. જેથી ટ્રાફિક જામ થઈ ગયો હતો. આ ઉપરાંત બેચરાજી-વિજાપુર, કડી વગેરે તાલુકાઓમાં પણ તાલુકા કોંગ્રેસ સમિતિઓ દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું. દરમિયાન પોલીસે આંદોલનકારી કાર્યકરોની અટકાયત કરી હતી. જિલ્લામાં કેટલાક ગામડાઓમાં બંધની અસર વર્તાઈ હતી જયારે કેટલાક ગામોમાં બંધની કોઈ જ અસર પડી ન હતી.





(તસવીર : સંજય રાવલ)

કોંગ્રેસ દ્વારા આપેલ ગામડા બંધના એલાનમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે ઉપર ત્રણ રસ્તા પાસે રસ્તા રોકો આંદોલનમાં કોંગ્રેસના પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા પ્રમુખ કાળુસિંહ ચૌહાણ, સંજયભાઈ પટેલ, મહિલા કાર્યકર રેખાબેન સહિત ૩૦ કોંગ્રેસના કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.